<table>
<tr><td rowspan="5">GJSN170005492024</td><td rowspan="5">સત્યમેવ જયતે</td><td>દાખલ થયા તારીખ:</td><td colspan="3">૨૩/૦૭/૨૦૨૪</td></tr>
<tr><td>રજુ કર્યા તારીખ:</td><td colspan="3">૨૩/૦૭/૨૦૨૪</td></tr>
<tr><td>ફેસલ કર્યા તારીખ:</td><td colspan="3">૧૨/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય મર્યાદા</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૭</td><td>૨૦</td></tr>
</table>

**થાનગઢના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મું. થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૩૧૩/૨૦૨૪**

**આંક–૨૩**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** **વિશ્વજીત ઉર્ફે વિશુભાઇ સ/ઓ ભરતભાઇ જીલુભાઇ ખાચર, ઉ.વ.આ.૨૨**

રહે. ગામ વેલાળા(સા), તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

=====================================================

**ગુન્હો:–ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી)** મુજબ

=====================================================

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ

આરોપી પક્ષ તરફે : વિ.વકીલ શ્રી વી.એમ. દાણા

=====================================================

**<u>–:: ચૂકાદો ::–</u>**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૪૦ વાગ્યે મોજે વેલાળાથી ચાંદ્ધેલીયા ગામ તરફ જવાના કાચા રસ્તા ઉપર પોતાના કબજા

ભોગવટામાં બાવળની કાંટ પાસે કુવાના ગાળની આડસમાં આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામાં ગે.કા. પાસ પરમીટ વગર પરપાંતીય ભારતીય બનાવટની બ્લેન્ડર્સ પ્રાઇડ એક્ષ્યુસાઇટ પ્રીમીયમ વ્હીસ્કી ૭૫૦ મીલી ફોર સેલ ઇન પંજાબ ઓન્લી, બ્લેન્ડેડ એન્ડ બોટલ્ડ બાય પ્રીનોડ રીચાર્ડ ઇંડીયન ગ્રીન સ્પ્રીન્ટસ ફોર સેલ ઇન પંજાબ ઓનલી બોટલ એન્ડ બોટલેડ બાય પેનોડ રીકાર્ડઇન્ડીયન ઇન્ડીયન પી.વી.ટી. એલ.ટી.ડી. એટ રાજસ્થાન બનાવટની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ બોટલ નંગ–૧૯૭ જેની કિં.રૂ.૧,૬૭,૪૫૦/– તથા મેકડોવેલ્સ નં.૧ ડીલક્ષ વ્હીસ્કી ઓરીજનલ ૭૫૦ મીલી ફોર સેલ ઇન પંજાબ, ચંડીગઢ ઓન્લી, મેન્યુફેકચર એન્ડ માર્કેટીંગ બાય યુનાઈટેડ સ્પીરીટ લીમીટેડ, ચંડીગઢ ડીસ્ટેલર્સ એન્ડ બોટલ્સ લીમીટેડ બનુર, ડીસ્ટીક એસ.એ.એસ.નગર (મોહાલી) પંજાબ બનાવટી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૧૨ કિં.રૂ.૪૮૦૦/– એમ કુલ કિં.રૂ.૧,૭૨,૨૫૦/– પ્રોહી. મુદ્દામાલ રાખી રેઇડ દરમ્યાન આરોપી હાજર નહી મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૪૦૦૮૯/૨૦૨૪થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુન્હાનું તહોમતનામું આંક–૪ થી ફરમાવી અને આરોપીની આંક–૫ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ કરવાનો ઇન્કાર કરેલ, જેથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

**૩.** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**-: મૌખિક પુરાવા:-**

| અનુ. નં. | આંક- | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીની જુબાની |
| ૨ | ૦૮ | પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણની જુબાની |
| ૩ | ૧૮ | ત.ક.અ. વીજયસિંહ પ્રવિણસિંહ પરમારની જુબાની |

**૪.** ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**-: દસ્તાવેજી પુરાવા:-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૨ | ૧૯ | ફરિયાદ |
| ૩ | ૨૦ | એફ.એસ.એલ. રવાનગી પત્ર |

**૫.** ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે.

**૬.** આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૪૦ વાગ્યે મોજે વેલાળાથી ચાંદ્વેલીયા ગામ તરફ જવાના કાચા રસ્તા ઉપર પોતાના કબજા ભોગવટામાં બાવળની કાંટ પાસે કુવાના ગાળની આડસમાં આ

કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામાં ગે.કા. પાસ પરમીટ વગર પરપાંતીય ભારતીય બનાવટની બ્લેન્ડર્સ પ્રાઇડ એક્ષ્યુસાઇટ પ્રીમીયમ વ્હીસ્કી ૭૫૦ મીલી ફોર સેલ ઇન પંજાબ ઓન્લી, બ્લેન્ડેડ એન્ડ બોટલ્ડ બાય પ્રીનોડ રીચાર્ડ ઇંડીયન ગ્રીન સ્પ્રીન્ટસ ફોર સેલ ઇન પંજાબ ઓનલી બોટલ એન્ડ બોટલેડ બાય પેનોડ રીકાર્ડઇન્ડીયન ઇન્ડીયન પી.વી.ટી. એલ.ટી.ડી. એટ રાજસ્થાન બનાવટની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની શીલબંધ બોટલ નંગ–૧૯૭ જેની કિં.રૂ.૧,૬૭,૪૫૦/– તથા મેકડોવેલ્સ નં.૧ ડીલક્ષ વ્હીસ્કી ઓરીજનલ ૭૫૦ મીલી ફોર સેલ ઇન પંજાબ, ચંડીગઢ ઓન્લી, મેન્યુફેકચર એન્ડ માર્કેટીંગ બાય યુનાઇટેડ સ્પીરીટ લીમીટેડ, ચંડીગઢ ડીસ્ટેલર્સ એન્ડ બોટલ્સ લીમીટેડ બનુર, ડીસ્ટીક એસ.એ.એસ.નગર (મોહાલી) પંજાબ બનાવટી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૧૨ કિં.રૂ.૪૮૦૦/– એમ કુલ કિં.રૂ.૧,૭૨,૨૫૦/– પ્રોહી. મુદ્દામાલ રાખી રેઇડ દરમ્યાન આરોપી હાજર નહી મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

૮. **:: નિર્ણય અંગેના કારણો ::**

**૯.** ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઇ આવે છે. જે નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧.**

(૯.૧) આ કામે આંક–૦૬ થી પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણી તથા આંક–૦૮ થી પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૦૭ ના પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક–૦૭ ના પંચનામાની વિગત આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ દારૂ મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમણે પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શુ લખેલ હતુ તે તેમણે વાંચેલ નહી. એના સિવાય બીજુ તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ તેઓએ આંક–૦૭ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી આરોપીના કબ્જામાંથી આંક–૦૭ ના પંચનામા મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૯.૨) ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે આંક–૧૮ થી ત. ક. અ. વીજયસિંહ પ્રવિણસિંહ પરમારને તપાસવામાં આવેલ છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, હું સને ૨૦૨૪ની સાલમા હું એલ.સી.બી.કચેરી સુરેન્દ્રનગર ખાતે હેડ કોન્સ તરેકે ફરજ બજાવતો હતો. તા.૧૨/૦૨/૨૦૨૪ના રોજ સદર ગુન્હા નં.૮૯/૨૦૨૪ની આગળની તપાસ એ.એસ.આઇ. એમ.આર.રાજપરાનાઓ કરતા હોય તેઓ રેડમા સામેલ હોય અને તપાસ તેઓ કરતા હોય તેઓએ લાગળા વળગતા પોલીસ સાહેદના નીવેદન નોંધેલા. મને એક અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા કુલદીપભાઇ સાંતુભાઇ બોરીચા પો.કોન્સ નાઓની સહી છે જે હુ ઓળખુ છુ જે ફરીયાદને રજુ **દા.આં–૧૯** આપવામા આવે છે. પકડાયેલ મુદ્દામાલ માથી એફ.એસ.એલ. અર્થે કાઢેલ સેમ્પલને રવાનગી પત્ર સાથે એફ.એસ.એલ કચેરી મોકલાવેલ. તે રવાનગી પત્ર રજુ કરુ છુ જેને રજુ **દા.આંક–૨૦** આપવામા આવે છે. ત્યારબાદ તપાસ મને સોપતા ફરીયાદ હકીકત વંચાણે લઇ આરોપી વિશ્વજીત ઉર્ફે વીશુભાઇ સ/ઓ ભરતભાઇ જીલુભાઇ ખાચર રહે.વેલાળા(સા) તા.થાનગઢ વાળાને ગુન્હાના કામે અટક

કરેલ. આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છુ પરંતુ તે હાજર ન હોય ચાર્જશીટમા તેનો ફોટો જોઇ આજરોજ આરોપીને ઓળખી બતાવુ છુ. **સદર ત.ક.અ.ની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે પંચનામુ સાથેના હેડ કોન્સ પોલીસ સ્ટેશનમા બેસી તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ કરાવેલ. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે અને માણસોની અવરજવર વાળી જગ્યા છે. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા જયાં મુદ્દામાલ પકડાયેલ તેની માલીકી અંગેના કોઇ પુરાવા આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપીની સ્થળ પરથી અટક કરવામા આવેલ નથી એ વાત ખરી છે કે ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે કોઇ અન્ય સ્વતંત્ર સાહેદના નીવેદન નોંધવામા આવેલ નથી. એ વાત ખરી છે કે એસ.પી.કચેરી તરફથી પ્રોહીબીશન અંગેના કેસ કરવાનો ટાર્ગેટ આપવામા આવે છે. એ વાત ખરી નથી કે અરોપી સામે કોઇ પણ જાતનો પુરાવો ન હોવા છતાય ખોટુ ચાર્જશીટ કરેલ છે અને તેને સમર્થન આપવા નામદાર કોર્ટમા ખોટી જુબાની આપુ છુ.

**૧૦.** આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬ અન્વયે અનુમાન થઇ શકે તેવો કોઇ પુરાવો આ કામે રજૂ થવા પામેલ નથી.

હાલના કેસના ન્યાયિક નિર્ણયો સારુ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

**નામદાર ગુજરાત હાઇકોર્ટે ધીરજલાલ ગાંડાભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧(૧) જીએલઆર ૪૩૩** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં

આવી ન હોય અને પંચોનો પુરાવા દારૂ મળી આવેલ તેવા ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં કલમ ૧૧૬ (બી) અન્વયે દારૂના કબ્જા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

વધુમાં **નામદાર ગુજરાત હાઇકોર્ટે ગુલાબભાઇ રણછોડભાઇ અને અન્યો વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૨(૨) જી એલ એચ (અનરિપોર્ટેડ જજમેન્ટ) ૧૧** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે કલમ-૧૧૬(બી) અન્વયેનું અનુમાન કરતા પહેલા ફરીયાદપક્ષે કેટલીક હકીકતો પુરાવાથી પુરવાર કરવી પડે જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે (૧) આરોપી સીલ બોટલના કબ્જામાં હતો. (૨) સદર સીલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતુ. (૩) સદર લેબલ દારૂની બ્રાન્ડ કઇ હતી તે દર્શાવતું હોવુ જોઇએ તેમજ સદર લેબલ તેના ઉત્પાદકનું પણ નામ દર્શાવતું હોવું જોઇએ.

વધુમાં જો લેબલમાં દર્શાવવામાં આવેલ ઉત્પાદક કંપનીના જવાબદાર અધિકારીએ કોર્ટ સમક્ષ તપાસીને એ હકીકત પુરવાર કરવામાં ના આવે કે સદર દારૂની બોટલો અસલી હતી ત્યાં સુધી પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬(બી) અન્વયેનું અનુમાન થઇ શકે નહી.

**૧૧.** નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઇ હાલના કેસની હકીકતોની ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય કે તપાસમાં આરોપીનું નામ ખુલેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી તેમજ આરોપી ઇગ્લીશ દારૂનું વેચાણ કરતા હોવાની હકીકતને પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી તે સિવાય આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો એફ.એસ.એલ. રિપોર્ટ રજુ નથી કે સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઇ જવાબ લીધેલ નથી તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે

લેબલ લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજૂ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

વધુમાં આ કામે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને માણસોની અવર જવર વાળી જગ્યા છે. બનાવવાળી જગ્યા જયાં મુદ્દામાલ પકડાયેલ તેની માલિકી અંગેના કોઈ પુરાવા આ કામે રજુ નથી તેમજ આરોપીની સ્થળ ઉપરથી અટક કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી.

આમ, ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો હુકમ કરવો ન્યાયસંગત જણાતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી **વિશ્વજીત ઉર્ફે વિશુભાઈ સ/ઓ ભરતભાઈ જીલુભાઈ ખાચર, ઉ.વ.આ.૨૨,** રહે. ગામ વેલાળા(સા), તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે **ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી)** મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ **દારૂનો** અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આથી આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન રૂા.૫૦૦૦/- ના રજૂ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** આ હુકમ અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬

થાનગઢ

(વિપુલ કાંતિભાઇ વાઘેલા)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**